# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૧ તા.૧-૪-૧૫**

(માન્ય શાળા પરિપત્ર નં.૧)

તમામ શાળાઓ માટે :-

**વિષય :- દ્વિતીય સત્રાંત પરીક્ષા (લેખિત)૨૦૧૫ માટે ધો.૩ થી ૮નાં પ્રશ્નપત્રો મેળવી લેવા બાબત.**

આથી તમામ શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવામાં આવે છે કે પરિપત્ર નં.૧૭૧ તા.૧૨-૩-૧૫ના અનુસંધાને દ્વિતીય સત્રાંત પરીક્ષાનાં પ્રશ્નપત્રો તા.૬-૪-૧૫ના રોજ નીચે જણાવેલ સ્થળ અને સમયે મુખ્ય શિક્ષકશ્રીએ રૂબરૂ મેળવી લેવાં.

| ઝોન | પ્રશ્નપત્ર મેળવવાનું સ્થળ | સમય | કોની પાસેથી મેળવવા ? |
|---|---|---|---|
| પૂર્વ | પૂર્વ ઝોનની ઓફિસ,<br>ખોખરા શા.નં.૧/૨, રોહિત મિલ પાસે, ખોખરા સર્કલ, અમદાવાદ | ૧૧-૦૦<br>થી ૨-૦૦ | સુપરવાઈઝર્સ |
| પશ્ચિમ | પશ્ચિમ ઝોનની ઓફિસ,<br>ઉસ્માનપુરા શા.નં.૨, ઉસ્માનપુરા ચાર રસ્તા,આશ્રમ રોડ, અમદાવાદ | ૧૧-૦૦<br>થી ૨-૦૦ | સુપરવાઈઝર્સ |
| ઉત્તર | ઉત્તર ઝોનની ઓફિસ,<br>સૈજપુર શા.નં.૬, ટોરેન્ટ પાવરની પાછળ, મેમ્કો ચાર રસ્તા. નરોડા રોડ, અમદાવાદ. | ૧૧-૦૦<br>થી ૨-૦૦ | સુપરવાઈઝર્સ |
| દક્ષિણ | દક્ષિણ ઝોનની ઓફિસ,<br>કાંકરિયા શા.નં.૬, જુના ઢોરબજાર,કાંકરિયા રોડ, અમદાવાદ. | ૧૧-૦૦<br>થી ૨-૦૦ | સુપરવાઈઝર્સ |
| ઉર્દૂ | ઉર્દૂ ઝોનની ઓફિસ,<br>ખાડિયા શા.નં.૨, પાંચ કૂવા દરવાજા પાસે, અમદાવાદ | ૧૧-૦૦<br>થી ૨-૦૦ | સુપરવાઈઝર્સ |
| હિન્દી | હિન્દી ઝોનની ઓફિસ,<br>ખાડિયા શા.નં.૨, પાંચ કૂવા દરવાજા પાસે,અમદાવાદ | ૧૧-૦૦<br>થી ૨-૦૦ | સુપરવાઈઝર્સ |
| માન્ય શાળાઓ | એલિસબ્રીજ શા.નં.૧૦,<br>નવરંગપુરા બસ સ્ટેન્ડ પાસે, નવરંગપુરા,અમદાવાદ | ૧૧-૦૦<br>થી ૨-૦૦ | આંકડા કલાર્ક<br>(પરીક્ષાની કામગીરી) |

**પરીક્ષા દરમ્યાન ખૂટતાં પ્રશ્નપત્રો મેળવવાનાં કેન્દ્રો :-**

| ક્રમ | પ્રશ્નપત્ર મેળવવાનું સ્થળ | પ્રશ્નપત્રોનું માધ્યમ |
|---|---|---|
| ૧ | ખોખરા શા.નં.૧/૨ | ગુજરાતી, હિન્દી, મરાઠી, ધો.૩ થી ૮ પ્રા.ભાષા |
| ૨ | ઉસ્માનપુરા શા.નં.૨ | ગુજરાતી, હિન્દી |
| ૩ | સૈજપુર શા.નં.૬ | ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, ધો.૩ થી ૮ પ્રા.ભાષા |
| ૪ | કાંકરિયા શા.નં.૬ | ગુજરાતી, હિન્દી |
| ૫ | ખાડિયા શા.નં.૨ | ગુજરાતી, હિન્દી |
| ૬ | જમાલપુર ઉ.શા.નં.૮ | ફકત ઉર્દૂ માધ્યમ |
| ૭ | રાજપુર ઉ.શા.નં.૧ | ફકત ઉર્દૂ માધ્યમ |
| ૮ | જમાલપુર શા.નં.૪ (સ્ટોર વિભાગ) | પ્રાદેશિક ભાષા, સહિત તમામ માધ્યમના પ્રશ્નપત્રો |

ઉપર દર્શાવ્યા મુજબ પરીક્ષાનાં પ્રશ્નપત્રો સમયસર મેળવી મુખ્યશિક્ષકશ્રીએ તમામ ધોરણ અને વિષયની સીલબંધ કોથળીઓ જે તે કેન્દ્ર પર જ એ રીતે ચેક કરી લેવી કે જેથી તમારી શાળાના ધોરણવાર અને વિષયવાર જરૂરી સંખ્યામાં પ્રશ્નપત્રો હોવાની ખરાઈ થાય. સલામતી અને ગોપનીયતા જળવાય તેની પૂરેપૂરી કાળજી સાથે પ્રશ્નપત્રો શાળામાં મૂકી દેવા.

તા. ૧-૪-૧૫

ડૉ. એલ. ડી. દેસાઈ<br>
શાસનાધિકારી